પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/કવા–૦૪/૧૬–૧૭/ 1239 તા. 13/02/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
સમસ્ત મહેર જ્ઞાતી ની જગ્યા,
ભવનાથ,
જુનાગઢ
ઓફિસ નં.: ૨૬૨૨૩૧૧

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભઃ– આપની અરજી , તા. ૧૧-૦૧-૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૨૧/કવા–૦૪/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના ફોરમ દ્વારા તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 8) 3

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી – જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગાંધીધામ પેટા વિભાગીય કચેરી જુનાગઢ
...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ આ નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૨૧/કવા–૦૪/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૦–૦૨–૧૭ | સ્થળ :જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: સમસ્ત મહેર જ્ઞાતી ની જગ્યા, ગામ: જુનાગઢ,

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે સમસ્ત મહેર જ્ઞાતી ની જગ્યા ના પ્રમુખ શ્રી રાજુભાઈ કુછડીયા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગાંધીધામ પેટા વિભાગીય કચેરી જુનાગઢ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી – જુનાગઢ)

રજુઆત કરનાર :એ.એમ.પાઘડાર, કાર્યવાહક કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી – જુનાગઢ

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના જોડાણ ના સ્થળ ની ક્ષમતા, જોડાયેલ વીજભાર, અને તે અન્વયે થતા વીજવપરાશ ને આનુષાંગીક રહેતા, છેલ્લા ૧૫ વર્ષ થી, જોડાણ મા ૭૦૦ થી ઓછા – સરેરાશ વીજવપરાશી યુનીટ મુજબ નો બીલીંગ રેકર્ડ સ્થાપિત થયેલ છે. તેમ છતા, તેઓ શ્રી ના ગ્રાહક નં.: ૩૦૮૦૮/૦૫૫૦૦/૩ (૩ કીવો) મા, માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ નુ વીજબીલ જે ૮૪૭૭ યુનીટ ની રકમ રૂ.૪૯,૮૨૪/– નુ, તા.૧૧–૧૧–૧૬ ના રોજ જે વીજબીલ અપાયેલ છે. તે વીજબીલ ને, પીજીવીસીએલ ના ધારાધોરણ અન્વયે ની વ્યાજબી પ્રક્રીયા હેઠળ આવરી લઈ, ન્યાયિક રીતે મુલવવા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના '' શ્રી સમસ્ત મહેર જ્ઞાતી ની જગ્યા '' ગામ: ભવનાથ (જુનાગઢ) ખાતે આવેલ એનઆરજીપી કેટેગરી ના ગ્રાહક નં.: ૩૦૮૦૮/૦૫૫૦૦/૩ (૩ કીવો) નુ સવાલવાળુ જુનુ એલએન્ડટી કંપની ના મીટર નંબર: ૭૩૮૩૭૪૩, જે પર્ફોમા –૧૫ નંબર: ૩૪૫૨, તા.૧૯–૧૧–૧૬ થી, સ્થળ પરથી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીંગ ૫૨૮૫૪ જણાયેલ હતા. આ સમયે નવુ એલએન્ડટી કંપની નુ મીટર નંબર: ૧૬૦૮૦૪૧ જે શરૂઆતના ૦૦૦૦૦૩ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. ત્યારબાદ, સદર સવાલવાળા જુના મીટર ને, તા.૩૦–૧૧–૧૬ ના રોજ પીજીવીસીએલ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીંગ ૫૨૮૨૭ નોંધાયેલ હતા. |
| ૨.૨ | ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતેની, સદર મીટર ની લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર મા જણાયેલ છેલ્લા ૫૨૮૨૭ રીડીંગ માથી, અગાઉ ના માહે નવેમ્બર –ડિસેમ્બર–૧૫ ના વાસ્તવિક રીડીંગ દરમ્યાન જણાયેલ છેલ્લા ૪૪૦૯૦ યુનીટ બાદ કરતા (૫૨૮૨૭ યુનીટ – ૪૪૦૯૦ યુનીટ = ૮૭૩૭ યુનીટ) ૮૭૩૭ યુનીટ નુ વીજબીલ, ખરેખર જે આપવા પાત્ર થતુ હતુ. તેને બદલે તે સમયે ઉપલબ્ધ એવા માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ ના, મીટર ના છેલલા રીડીંગ દર્શાવતા બીલીંગ રેકર્ડ મુજબ, (૫૨૫૬૭ યુનીટ – ૪૪૦૯૦ યુનીટ = ૮૪૭૭ યુનીટ) ૮૪૭૭ યુનીટ નુ, તા.૧૧–૧૧–૧૬ ના રોજ નુ, ફરીયાદી અરજદાર શ્રી ને જે માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ નુ, રૂ.૪૯,૮૨૪/– સવાલવાળુ વીજબીલ અપાયેલ છે. તે નિયમાધીન યોગ્ય છે. |

| | |
|---|---|
| **૨.૩** | સદર જોડાણ નો બીલીંગ ઇતિહાસ, એટલેકે પી.આર.ટી.–૧૪૫ અભ્યાસે લેતા, અરજદાર શ્રી ને સદર જોડાણ મા અગાઉ માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૫ મા વાસ્તવિક એવા ૯૩૫ યુનીટ (હાલ ના ૪૪૦૯૦ યુનીટ – ૪૩૧૫૫ યુનીટ = ૯૩૫ યુનીટ) નુ વાસ્તવિક રીડીંગ નુ બીલીંગ થયેલ છે. અને ત્યારબાદ ના (૧) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૬ મા ૯૩૦ નોનયુઝ યુનીટ (૨) માહે માર્ચ–એપ્રીલ– ૧૬ મા ૯૩૦ નોનયુઝ યુનીટ (૩) માહે મે–જુન– ૧૬ મા '' ૦ '' યુનીટ (૪) માહે જુલાઈ–ઓગષ્ટ–૧૬ મા '' ૦ '' યુનીટ મુજબ ના કુલ ૦૪ બીલીંગ થયેલ છે. આમ, સદર ૦૪ બીલીંગ સમયગાળા ના ખરેખર વીજવપરાશી યુનીટ, જે ચડત / પડતર થતા અરજદાર શ્રી ને, સવાલવાળા ૦૫ ના, માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ ના વીજબીલ મા ઉમેરાતા, સવાલવાળુ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ નુ વીજબીલ, જે ખરેખર – કુલ ૦૫ દ્રીમાસીક બીલીંગ ના વીજવપરાશી યુનીટ મુજબ નુ (૫૨૮૨૭ યુનીટ – ૪૪૦૯૦ યુનીટ = ૮૭૩૭ યુનીટ) ૮૭૩૭ યુનીટ નુ થયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના ગ્રાહક નં.: ૩૦૮૦૮/૦૫૫૦૦/૩ (૩ કીવો) મા, પીજીવીસીએલ તરફથી, હાલ ના તબ્બકે, સવાલવાળુ માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ નુ, ૮૪૭૭ યુનીટ ની રકમ રૂ.૪૯,૮૨૪/– નુ, તા.૧૧–૧૧–૧૬ ના રોજ, જે બીલીંગ થયેલ છે, તે બીલીંગ, જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ના, સવાલવાળા જુના મીટર મા, લેબોરેટરી ચકાસણી દરમ્યાન જણાયેલ તાંત્રીક રીતે યોગ્યતા હોવાની સ્થિતી ને અનુલક્ષીને છે. લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર મીટર મા છેલ્લા રીડીંગ ૫૨૮૨૭ રીડીંગ જણાયેલ છે. |
| **૩.૨** | પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૨ મુજબ ની વિગતે, અત્રેના ફોરમ સમક્ષ રજુ કરાયેલ, સદર જોડાણ ના બીલીંગ ઈતિહાસ ની વિગતો અભ્યાસે લેતા, ફોરમ કમિટી ને સદર કેઈસ – જે, અગાઉ ના, માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૫ મા વાસ્તવિક એવા ૯૩૫ યુનીટ (હાલ ના ૪૪૦૯૦ યુનીટ – ૪૩૧૫૫ યુનીટ = ૯૩૫ યુનીટ) ના વાસ્તવિક રીડીંગ ના થયેલ બીલીંગ બાદ ના (૧) માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી– ૧૬ મા ૯૩૦ નોનયુઝ યુનીટ (૨) માહે માર્ચ–એપ્રીલ– ૧૬ મા ૯૩૦ નોનયુઝ યુનીટ (૩) માહે મે–જુન– ૧૬ મા '' ૦ '' યુનીટ (૪) માહે જુલાઈ–ઓગષ્ટ–૧૬ મા '' ૦ '' યુનીટ મુજબ ના કુલ ૦૪ બીલીંગ થયેલ છે. આમ, સદર ૦૪ બીલીંગ સમયગાળા ના ચડત / પડતર રીડીંગ ના કારણોસર નો હોવાનુ જણાયેલ છે. આમ થવાથી, અગાઉ ના ૦૪ વીજબીલો ના, ચડત / પડતર રીડીંગ ના કારણોસર જ, અરજદાર શ્રી ને, સવાલવાળુ માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ નુ, વીજબીલ, જે ખરેખર – લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર મા નોંધાયેલ છેલ્લા ૫૨૮૨૭ યુનીટ અન્વયે નુ ખરેખર (૫૨૮૨૭ યુનીટ – ૪૪૦૯૦ યુનીટ = ૮૭૩૭ યુનીટ) ૮૭૩૭ યુનીટ નુ થયેલ છે. જેથી, સદર બીલ ના કુલ ૮૭૩૭ યુનીટ ને, માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૫ થી માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ સુધી ના કુલ ૦૫ વીજબીલો મા વિભાજન કરવાની બાબત ફોરમ કમિટી ને પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય તેમજ ન્યાયિક રીતે વ્યાજબી જણાયેલ છે. |
| **૩.૩** | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે ના, સદર ૮૭૩૭ યુનીટ ને ૦૫ વીજબીલો મા વિભાજીત કરાતા, પ્રત્યેક વીજબીલ (૮૭૩૭ યુનીટ ÷ ૦૫ વીજબીલ = ૧૭૪૭ યુનીટ) ૧૭૪૭ યુનીટ નુ, પ્રત્યેક એવુ વીજબીલ – જે માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૫ થી માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ સુધી ના કુલ ૦૫ વીજબીલો – અન્વયે ના પ્રત્યેક વીજબીલો, જે પ્રત્યેક ૧૭૪૭ યુનીટ ના બનશે. આ મુજબ ના, કુલ ૦૫ વીજબીલો ના પ્રત્યેક ના ૧૭૪૭ યુનીટ અગાઉ અપાયેલ યુનીટ અને રકમ માથી, માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૫ થી માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ સુધી અગાઉ અપાયેલ યુનીટ અને રકમ બાદ કરતા જ – આખરી રહેતા યુનીટ અને રકમ ની, આખરી ગણતરીએ થતી રકમ જ અરજદાર શ્રી પાસેથી વસુલ કરવાની રહેશે. આમ, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ નુ વીજબીલ, આ મુજબ રીવાઇજ કરી, ખાસ પત્ર મારફત અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા, આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.-૪: **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને અપાયેલ સદર સવાલવાળુ, માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૬ નુ ૮૭૩૭ યુનીટ નુ વીજબીલ, જે માહે નવેમ્બર –ડિસેમ્બર– ૧૫ થી માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ સુધી ના કુલ ૦૫ વીજબીલો – અન્વયે ના પ્રત્યેક વીજબીલો, જે પ્રત્યેક ૧૭૪૭ યુનીટ ની ગણતરીએ રીવાઇઝ કરવાનુ રહેશે. આ મુજબ ની રીવાઇઝ ગણતરી પ્રમાણે ના, કુલ ૦૫ વીજબીલો ના પ્રત્યેક ના ૧૭૪૭ યુનીટ માથી – સદર ૦૫ બીલીગ ના સમયગાળા દરમ્યાન અગાઉ અપાયેલ યુનીટ અને રકમ બાદ કરતા – આખરી રહેતા યુનીટ અને રકમ ની આખરી ગણતરીએ થતી રકમ જ અરજદાર શ્રી પાસેથી વસુલ કરવાની રહેશે. આમ, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૬ નુ વીજબીલ, આ મુજબ રીવાઇજ કરી, ખાસ પત્ર મારફત અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા, આપવા બાબતે નો, સદર કેઈસ મા પીજીવીસીએલ ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..**